આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **10-09-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## મુખ્યમંત્રી : મહાનગરપાલિકા ધારાસભ્યને ગ્રાંટ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને તેમના મતવિસ્તારના રોડરસ્તાના વિવિધ કામો માટે પ્રત્યેક ધારાસભ્યને બે કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

**DD NEWS**

---

## રાજ્ય આરોગ્યમંત્રી : કચ્છ મુલાકાત

કચ્છ જિલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના કેસની પરિસ્થિતિને લઈને આવતીકાલે તારીખ ૧૧ સપ્ટેમ્બરના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ કચ્છ જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. આરોગ્ય મંત્રી સાથે કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફૂલ પાનશેરિયા પણ ઉપસ્થિત રહેશે. આરોગ્ય મંત્રી અને પ્રભારીમંત્રી કચ્છ

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે વહીવટીતંત્રના અધિકારીઓ તેમજ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના કેસની સ્થિતિની સમીક્ષા કરશે. આ ઉપરાંત કચ્છ જિલ્લામાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ અને તબીબી માળખાકીય સુવિધાઓ અંગે બેઠકમાં સમીક્ષા કરાશે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## રાજ્ય : બેટરી આધારિત વાહન સહાય

રાજ્યમાં બેટરી સંચાલિત દ્વિ-ચક્રીય વાહન માટે નાણાકીય સહાય યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 53 હજાર વિદ્યાર્થીએ વાહનની ખરીદી કરી છે. આ માટે તેમને 56 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે ત્રિ-ચક્રીય વાહન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 925 લાભાર્થીને 4 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. રાજ્યના ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે, બેટરી સંચાલિત તેમ જ CNG વાહનનો ઉપયોગ એ પ્રદૂષણ ઘટાડવાનો સરળ ઈલાજ છે.

**RNU** અમદાવાદ

---------------------------------------------------------------------

## રાજ્ય : ગુજરાત યુનિ. QR કોર્ડ

ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવી એજ્યુકેશન પોલીસીનો અમલ કરવામાં આવ્યો છે ત્યારે વધુ એક નવતર પહેલના ભાગરૂપે યુનિવર્સિટીએ પહેલા અને બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ખાસ ક્યુઆર કોડ લગાવેલી માર્કશીટ આપવાનું નક્કી કર્યું છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## કચ્છ : આત્મહત્યા નિવારણ દિવસ

આજે ૧૦ સપ્ટેમ્બર એટલે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ, વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસની ઉજવણીના ભાગરૂપે સમાજમાં આત્મહત્યાની દુઃખદ ઘટનાઓ અટકાવવા માટે કચ્છ સ્યુસાઈડ પ્રિવેન્શન ફોરમ અને જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીની સૂચના મુજબ કચ્છ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા જનજાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. જેમાં આત્મહત્યા અટકાવવા સંદેશ ફેલાવવામાં આવ્યો હતો.

જિલ્લામથક ભુજ ખાતે રેલીમાં ઓમ ફાઉન્ડેશનના ડો. દેવજ્યોતિ શર્માએ જણાવ્યું હતું કે, વિશ્વ આત્મ હત્યા નિવારણ દિવસે લોકોમાં જાગૃતી ફેલાય તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું.

**N.P. / આશુતોષ અંતાણી**

---------------------------------------------------------------------

## રાજ્ય : વરસાદ

રાજ્યમાં વરસાદના ઘટતા જોર વચ્ચે છેલ્લા 24 કલાકમાં 21 જિલ્લાના 80 તાલુકામાં સરેરાશ સવા 5 મિલીમીટર વરસાદ નોંધાયાના

અહેવાલ છે. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં વર્ષ 2022 પછી મોસમનો સરેરાશ કુલ 123 ટકા વરસાદ વરસ્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં હાલ કુલ સંગ્રહક્ષમતાના 89 ટકા પાણીનો સંગ્રહ નોંધાયો છે. હાલમાં રાજ્યના 119 બંધ 100 ટકા, 45 બંધ 70થી 100 ટકા અને 20 બંધ 50થી 70 ટકા વચ્ચે ભરાઈ ગયા છે. જ્યારે 143 બંધ હાઈ-અલર્ટ, 12 બંધ અલર્ટ અને નવ બંધને ચેતવણી પર રખાયા છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ : વરસાદ

ચાલુ વર્ષે સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ વિક્રમી વરસાદ નોંધાયો છે. રાજ્યમાં દેવભૂમિ દ્વારકા, પોરબંદર બાદ કચ્છ જિલ્લો ત્રીજાસ્થાને છે. ખાસ કરીને ઓગસ્ટના અંતિમ સપ્તાહમાં સાતમ, આઠમ પર્વ દરમિયાન વરસેલા ભારે વરસાદે જિલ્લાના ખાસ કરીને કાંઠાળ વિસ્તારો પર વધુ હેત વરસાવ્યું હતું.

**N.P. / આશુતોષ અંતાણી**

--------------------------------------------------------------------

## ભુજ : કલકત્તામાં તબીબ કેસ : મહિલા રેલી

કલકત્તામાં ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યાના બનાવને એક મહિના જેટલો સમય થયો હોવા છતા આરોપીઓ સામે કડક કાર્યવાહી ન થઇ હોવાના વિરોધમાં ભુજમાં વિવિધ મહિલા સંગઠનો દ્વારા હતભાગીને પ્રથમ માસિક શ્રધ્ધાંજલિ અર્પણ કર્યા બાદ રેલી યોજીને જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

**N.P. / આશુતોષ અંતાણી**

--------------------------------------------------------------------

## કચ્છ કાળા ડુંગર લોક ડાયરો

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી કચ્છના કાળા ડુંગર ખાતે કચ્છી આરાધી ભજન ગ્રુપ દ્વારા કચ્છી લોકવાદ્યો અને કચ્છી લોકસંગીતના સાંસ્કૃતિક - લોકડાયરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલાકારોએ સિતાર, જોડીયો પાવો, ઢોલક, ઝાંઝ જેવા કચ્છી વાજિંત્રના સૂર રેલાવીને લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

**N.P. / આશુતોષ અંતાણી**

--------------------------------------------------------------------

## ભુજ : ગીતા પઠન પરીક્ષા

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા દર વર્ષે લેવાતી ગીતા જયંતીના દિવસે ગીતાજીની પઠનની પરીક્ષા લેવાશે, જેમાં ગીતાજીના બીજા, ૧૨મા કે ૧૫મા અધ્યાયના પઠનની કચ્છના જુદા જુદા કેન્દ્રમાં પરીક્ષા લેવાશે. જ્યારે સંપૂર્ણ ગીતાજીની પરીયા પણ લેવાશે, જેમાં કોઈપણ વ્યક્તિ, વિવિધ મંડળો, ગ્રામ્ય વિસ્તારના મહિલા મંડળ વગેરે ભાગ લઈશકશે.

**N.P. / આશુતોષ અંતાણી**

---------------------------------------------------------------------